# Visit of Minister of State for External Affairs, Dr. Rajkumar Ranjan Singh to Jakarta, Indonesia

# રાજ્ય કક્ષાનાં વિદેશ મંત્રી ડૉ. રાજકુમાર રંજન સિંઘની ઈન્ડોનેશિયાનાં જકાર્તાની મુલાકાત

27 ઓગસ્ટ, 2022

વિદેશી બાબતો અને શિક્ષણ માટેનાં રાજ્ય કક્ષાનાં મંત્રી ડૉ. રાજકુમાર રંજન સિંઘ ASEAN-સચિવાલયની અધિકૃત મુલાકાત માટે 28-29 ઓગસ્ટ 2022 નાં રોજ ઈન્ડોનેશિયાનાં જકાર્તાની અધિકૃત મુલાકાત લેશે. આ તેઓની ASEAN સચિવાલય અને ઈન્ડોનેશિયાની પ્રથમ મુલાકાત હશે. આ મુલાકાત દરમિયાન, ASEAN સચિવાલય સાથેની સામેલગીરી ઉપરાંત, રાજ્ય કક્ષાનાં મંત્રી દ્વિપક્ષીય સંબંધો મજબૂત કરવા માટેની સામેલગીરીઓ અને ભારતીય લોકો સાથે સંવાદો પણ ધરાવશે.

તેઓની મુલાકાત દરમિયાન, રાજ્ય કક્ષાનાં મંત્રી ASEAN-ભારત સંવાદ સંબંધોની 30મી વર્ષગાંઠને યાદગાર બનાવવા સાથે, ASEAN નાં મહા સચિવ શ્રીમાન લિમ જોક હોઈ સાથે ASEAN-ઈન્ડિયા નેટવર્ક ઑફ યુનિવર્સિટી (AINU) નું ઉદ્‌ઘાટન કરશે. 2018 માં ASEAN-ભારત સ્મૃતિ શિખર સંમેલનમાં ભારત અને ASEAN સભ્ય રાષ્ટ્રોમાં શૈક્ષણિક અને સંશોધન સંસ્થાનોમાં ભાગીદારી મારફત જ્ઞાનનાં મુખ્ય નેટવર્કનું નિર્માણ કરશે તેવા અગ્રણી સંસ્થાનોનાં સંઘ તરીકે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા AINU ની જાહેરાત કરવામાં આવી હતી. AINU નું અમલીકરણ ભારતની નાલંદા યુનિવર્સિટી અને ASEAN નાં ASEAN યુનિવર્સિટી નેટવર્ક દ્વારા કરવામાં આવી રહ્યું છે.

રાજ્ય કક્ષાનાં મંત્રી આપણે આ ભાગીદારીનાં ચોથા દાયકામાં પ્રવેશ કરીએ છીએ તે સાથે શૈક્ષણિક અને લોકો વચ્ચેની કનેક્ટિવિટી વધારવા, સંસ્થાગત જોડાણો બનાવવા અને ASEAN-ભારત ભાગીદારી આગળ લઈ જવા સહિતનાં ASEAN-ભારત સંબંધો મજબૂત કરવા પર ASEAN સાથે ચર્ચાઓ પણ યોજશે.

**નવી દિલ્હી**
**27 ઓગસ્ટ, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.